Saturday
03.02.2024
✳Volume :8 ✳ Issue No.192
ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

To,

✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ૩ થી ૪ ફેબ્રુઆરીનાં રોજ ઓડિશા અને આસામની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી કામાખ્યા મંદિરમાં યાત્રાળુઓને વૈશ્વિક કક્ષાની સુવિધાઓ પ્રદાન કરવા માટે મા કામાખ્યા દિવ્ય પરિયોજનાનો શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રી ઓડિશાનાં સંબલપુરમાં રૂ. ૬૮,૦૦૦ કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન, રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩થી૪ ફેબ્રુઆરી, ૨૦૨૪નાં રોજ ઓડિશા અને આસામની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ૩ ફેબ્રુઆરીનાં રોજ બપોરે ૨:૧૫ વાગ્યે ઓડિશાનાં સંબલપુરમાંએક જાહેર કાર્યક્રમ દરમિયાનરૂ. ૬૮,૦૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ માળખાગત પરિયોજનાઓનું ઉદઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશેઅને શિલારોપણકરશે. પછી પ્રધાનમંત્રી આસામની મુલાકાત લેશે. પ્રધાનમંત્રીચોથી ફેબ્રુઆરીનાં રોજ સવારે ૧૧:૩૦ વાગે ગુવાહાટીમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન રૂ. ૧૧,૦૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસલક્ષી પહેલોનું ઉદઘાટન કરશે અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી સંબલપુરમાં

દેશની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાના પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ ઓડિશાનાં સંબલપુરમાં જાહેરકાર્યક્રમમાં ઊર્જા ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનાં ઉદ્દેશ સાથે વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરવામાં આવશે. પ્રધાનમંત્રી 'જગદીશપુર-હલ્દિયા અને બોકારો-ધમરા પાઈપલાઈન પ્રોજેક્ટ (જેએચબીડીપીએલ)'નાં 'ધમરા-અંગુલ પાઈપલાઈન સેક્શન' (૪૧૨ કિલોમીટર)નું ઉદઘાટન કરશે. 'પ્રધાનમંત્રી ઊર્જા ગંગા' હેઠળ ૨૪૫૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્મિત આ પ્રોજેક્ટ ઓડિશાને નેશનલ ગેસ ગ્રિડ સાથે જોડશે. પ્રધાનમંત્રી મુંબઈ-નાગપુર-ઝારસુગુડા પાઈપલાઈનનાં 'નાગપુર ઝારસુગુડા કુદરતી ગેસ પાઈપલાઈન સેક્શન' (૬૯૨ કિલોમીટર)'નું શિલારોપણ પણ કરશે. ૨૬૬૦ કરોડથીવધુના ખર્ચે તૈયાર કરવામાં આવનાર આ પ્રોજેક્ટથી ઓડિશા, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ જેવારાજ્યોમાંનેચરલ ગેસની ઉપલબ્ધતામાં સુધારો થશે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી આશરે ૨૮,૯૮૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ પાવર પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે અને ખાતમુહૂર્ત પણ કરશે. આ પરિયોજનાઓનુંલોકાર્પણ કરવામાં આવશે, જેમાંઓડિશાનાંસુંદરગઢ જિલ્લામાં એનટીપીસી દારિપલી સુપર થર્મલ પાવર સ્ટેશન (૨૮૮૦૦ મેગાવોટ) અને એનએસપીસીએલ રાઉરકેલા પીપી-II વિસ્તરણ પરિયોજના (૧૮૨૫૦ મેગાવોટ) સામેલ છે. તેઓ ઓડિશાનાંઅંગુલ જિલ્લામાં એનટીપીસી તાલચેર થર્મલ પાવર પ્રોજેક્ટ, સ્ટેજ–III (2x660 મેગાવોટ)નો શિલાન્યાસ પણ કરશે. આ પાવર પ્રોજેક્ટ્સ ઓડિશાની સાથે સાથે અન્ય કેટલાક રાજ્યોનેપણ ઓછા ખર્ચે વીજળી પૂરી પાડશે. પ્રધાનમંત્રી નેયવેલી લિગ્નાઈટ કોર્પોરેશન (એનએલસી) તાલાબીરા થર્મલ પાવર પ્રોજેક્ટનુંશિલારોપણ કરશે, જેનું મૂલ્ય ૨૭,૦૦૦ કરોડથી વધારે છે. પ્રધાનમંત્રીના ભારતના વિઝનને મજબૂત બનાવતા આ અત્યાધુનિક પ્રોજેક્ટ વિશ્વસનીય, વાજબીઅને ચોવીસકલાકવીજળી પ્રદાન કરશે, જે દેશની ઊર્જા સુરક્ષામાં નોંધપાત્ર પ્રદાન કરશે તથા દેશના આર્થિક વિકાસ અને સમૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રી મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડના કોલસાના માળખાગતપ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરશે, જેમાં પ્રથમ માઇલ કનેક્ટિવિટી (એફએમસી) પ્રોજેક્ટ્સ - ભુવનેશ્વરી ફેઝ-૧, અંગુલ જિલ્લામાં તાલચેર કોલફિલ્ડસમાં અને લાજકુરા રેપિડ લોડિંગ સિસ્ટમ (આરએલએસ) સામેલ છે. આશરે રૂ. ૨૧૪૫ કરોડનાં ખર્ચે નિર્મિત આ વિવિધ પ્રોજેક્ટ ઓડિશામાંથી શુષ્ક ઈંધણની ગુણવત્તા અને પુરવઠાને પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રી ઓડિશાનાં ઝારસુગુડા જિલ્લામાં ૫૫૦ કરોડ રૂપિયાથી વધારે નાં ખર્ચેનિર્મિત આઈબીવેલી વોશરીનું ઉદઘાટન પણ કરશે. તે ગુણવત્તા માટે કોલસાની પ્રક્રિયામાં આમૂલ પરિવર્તનને ચિહ્નિત કરશે, જે નવીનતાઅને ટકાઉપણું સૂચવે છે. પ્રધાનમંત્રી રૂ. ૮૭૮ કરોડનાં રોકાણ સાથે મહાનદી કોલફિલ્ડસ લિમિટેડ દ્વારા નિર્મિત ઝારસુગુડા-બરપલી-સરગેડા રેલવેલાઈન ફેઝ-૧નો ૫૦કિલોમીટરનો બીજો ટ્રેક દેશને અર્પણ કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાજમાર્ગોનાં ત્રણ માર્ગ ક્ષેત્રનાં પ્રોજેક્ટનું ઉદઘાટન પણ કરશે, જેને કુલ રૂ. ૨૧૧૦કરોડનાં ખર્ચે વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ્સમાં એનએચ૨૧૫ (નવો એનએચ નંબર ૫૨૦)નો રિમુલી-કોઈડા સેક્શનને ચાર માર્ગીય બનાવવો, રાષ્ટ્રીય રાજમાર્ગ ૨૩ના બિરામિત્રપુર-બ્રહ્માણી બાયપાસ એન્ડ સેક્શનને ફોર લેન કરવું (નવોએનએચ નંબર ૧૪૩) અને એનએચ ૨૩ (નવોએનએચ નંબર ૧૪૩)નો બ્રાહ્મણી બાયપાસ એન્ડ-રાજમુંડા સેક્શનને ફોર લેન કરવાનો સમાવેશ થાય છે. આ વિવિધ પ્રોજેક્ટ કનેક્ટિવિટી વધારશે અને આ વિસ્તારનાં આર્થિક વિકાસમાંપણ પ્રદાન કરશે. ઉપરાંત પ્રધાનમંત્રી આશરે રૂ. ૨૧૪૬ કરોડનાં મૂલ્યનાં રેલવે પ્રોજેક્ટ દેશને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે. તેઓ સંબલપુર રેલવે સ્ટેશનનાં પુનર્વિકાસ માટે શિલારોપણ કરશે, જેનું સ્થાપત્ય સાયલાશ્રી પેલેસમાંથી પ્રેરિત છે. તેઓ સંબલપુર-તાલચેર ડબલિંગ રેલવે લાઈન (૧૬૮ કિલોમીટર) અને ઝારતારભાથી સોનપુર નવી રેલવે લાઈન (૨૧.૭ કિલોમીટર) પણ અર્પણ કરશે, જે વિસ્તારમાં રેલવે નેટવર્કની ક્ષમતા વધારશે. પ્રધાનમંત્રી પુરી-સોનપુર-પુરી સાપ્તાહિક એક્સપ્રેસને લીલી ઝંડી પણ આપશે, જે આ વિસ્તારમાં રેલવે મુસાફરો માટે કનેક્ટિવિટીમાં સુધારો કરશે. પ્રધાનમંત્રી આઈઆઈએમસંબલપુરનાં સ્થાયી પરિસરનું ઉદઘાટન પણ કરશે. ઉપરાંત તેઓ ઝારસુગુડા હેડ પોસ્ટ ઓફિસ હેરિટેજ બિલ્ડિંગ દેશને અર્પણ કરશે.

પ્રધાનમંત્રી સંબલપુર રેલવે સ્ટેશનનાં પુનર્વિકાસ માટે શિલારોપણ કરશે, જેનું માળખું સાયલાશ્રી પેલેસથી પ્રેરિત છે

ગુવાહાટીમાં રમતગમત અને તબીબી માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટેના પ્રોજેક્ટ્સ મુખ્ય કેન્દ્રિત ક્ષેત્રો હશે

પ્રધાનમંત્રી ગુવાહાટીમાં

પ્રધાનમંત્રી ગુવાહાટીમાં રૂ. ૧૧,૦૦૦ કરોડનાંમૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. યાત્રાધામોની મુલાકાત લેતા લોકોને વૈશ્વિક કક્ષાની સુવિધાઓપ્રદાન કરવી એ પ્રધાનમંત્રીનું મુખ્ય કેન્દ્રબિંદુ રહ્યું છે. આ પ્રયાસના અન્ય એક પગલામાં પ્રધાનમંત્રી દ્વારા શિલારોપાણ કરવામાં આવનારી મુખ્ય પરિયોજનાઓમાં મા કામાખ્યા દિવ્યા પરિયોજના (મા કામાખ્યા એક્સેસ કોરિડોર)નો સમાવેશ થાય છે, જેને પ્રધાનમંત્રી વિકાસ પહેલ ફોર નોર્થ ઈસ્ટર્ન રિજન (પીએમ-ડિવાઈન) યોજના હેઠળ મંજૂરીઆપવામાં આવી છે. તે કામાખ્યા મંદિરની મુલાકાતે આવતા યાત્રાળુઓને વિશ્વ કક્ષાની સુવિધાઓપ્રદાન કરશે. પ્રધાનમંત્રી રૂ. ૩૪૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ રોડઅપગ્રેડેશન પ્રોજેક્ટનો શિલાન્યાસકરશે, જેઅંતર્ગત ૩૮ પુલો સહિત ૪૩ માર્ગોને સાઉથ એશિયા સબરિજનલ ઈકોનોમિક કોઓપરેશન (એસએએસઈસી) કોરિડોર કનેક્ટિવિટીનાં ભાગરૂપે અપગ્રેડ કરવામાં આવશે. પ્રધાનમંત્રી ડોલાબારીથી જમુગુરી અને બિશ્વનાથ ચરિયાલીથી ગોહપુર સુધી ૪ લેનનાં બે પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. આ પ્રોજેક્ટથી ઈટાનગર સાથે જોડાણ સુધારવામાં મદદ મળશે અને આ વિસ્તારનાં સંપૂર્ણઆર્થિક વિકાસને વેગ મળશે. આ વિસ્તારમાં રમતગમતનીપ્રચૂર સંભવિતતાનો ઉપયોગ કરવાપ્રધાનમંત્રી રાજ્યમાં રમતગમતની માળખાગત સુવિધાને પ્રોત્સાહન આપવા વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સમાં ચંદ્રપુરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ સ્ટેડિયમ અને ફિફા સ્ટાન્ડર્ડ ફૂટબોલ સ્ટેડિયમ તરીકે નહેરુ સ્ટેડિયમનું અપગ્રેડેશન સામેલ છે. પ્રધાનમંત્રી ગૌહાટીમેડિકલ કોલેજ અને હોસ્પિટલનાં માળખાગત સુવિધાનાં વિકાસમાટે શિલારોપણ પણ કરશે. આ ઉપરાંત, કરીમગંજમાંએકમેડિકલ કોલેજના વિકાસમાટે શિલાન્યાસપણ તેમના દ્વારાકરવામાં આવશે.

પ્રધાનમંત્રી ગુવાહાટીમાં રૂ. ૧૧,૦૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે

કુદરતી ગેસ, કોલસો અને વીજ ઉત્પાદન સાથે સંકળાયેલા વિવિધ પ્રોજેક્ટ્સના ઉદઘાટન, સમર્પણ અને શિલાન્યાસ દ્વારા ઊર્જા ક્ષેત્રને મોટું પ્રોત્સાહન મળશે

માર્ગ, રેલવે અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની મહત્વપૂર્ણ પરિયોજનાઓનું ઉદઘાટન અને લોકાર્પણ પણ કરવામાં આવશે

નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ૨૦૨૪-૨૫ના વર્ષના રજૂકરેલા બજેટને આવકારતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

૫-જી એટલે ગરવું ગુજરાત-ગુણવંતુ ગુજરાત-ગ્રીન ગુજરાત-ગ્લોબલ ગુજરાત-ગતિશીલ ગુજરાત માટેનું સર્વગ્રાહી દિશાદર્શન કરનારું બજેટ છેઃ મુખ્યમંત્રીશ્રી

આ બજેટમાં ગુજરાતને ૫-જી બનાવવાનું પ્રતિબિંબ ઝીલાયું છે.

પોષણ-આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાના હોલિસ્ટિક એપ્રોચ સાથે ત્રણ નવી યોજનાઓઃ નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, નમોશ્રી યોજના

૨૦૨૩-૨૪ના વર્ષમાં ઐતિહાસિક ૩ લાખ કરોડના બજેટમાં આ વર્ષે ૧૦ ટકાનો વધારો કરી ૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ જનતાની સેવામાં આપ્યું છે.

વિશ્વનો સૌથી લાંબો ૩૮ કિલોમીટરનો સળંગ સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ-ગાંધીનગર ગિફ્ટ સિટીની ટ્રાયસિટી તરીકે આગવી ઓળખનું સીમાચિન્હ બનશે.

પાછલા એક દાયકામાં જી.એસ.ડી.પી.નું ૧૫ ટકા દેવું ધરાવતું ગુજરાત સૌથી ઓછું દેવું ધરાવતાં ત્રણ મોટાં રાજ્યોમાં સ્થાન પામ્યું છે.

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટને સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા વિકસિત ભારત @2047ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરનારું બજેટ ગણાવ્યું છે. નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વિધાન સભાગૃહમાં રજૂ કરેલા રાજ્યનાબજેટને આવકારતા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે સમગ્ર સમાજના સર્વગ્રાહી વિકાસ સાથે ખાસ કરીને ગરીબ, યુવા, અન્નદાતાઅને નારીશક્તિને વિશેષ પ્રાધાન્ય આપીને તેમના વિકાસનેપ્રોત્સાહિત કરતુંઆ બજેટ છે. તેમણે ઉમેર્યું હતું કે ગયા વર્ષે ઐતિહાસિક રૂપિયા ૩ લાખ કરોડનું વિકાસલક્ષી બજેટ આપ્યું હતું. આ વર્ષેફરી એકવાર તેમાં ૧૦ ટકાનો વધારો કરીને ૩ લાખ ૩૨ હજાર કરોડની માતબર જોગવાઈઓ વાળું બજેટ જનતા જનાર્દનની સેવામાં અમે લાવ્યા છીએ. મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્ર પટેલે ગુજરાતે પ્રુડન્ટ ફાયનાન્સિયલ મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેની સરાહના કરતા ઉમેર્યું કે ગુજરાતનું જાહેર દેવું અત્યાર સુધીના વર્ષોમાં સૌથી ઓછું થયું છે. ૨૦૨૨-૨૩ના હિસાબ ફાઈનલ થયા છે, તે મુજબ રાજ્યનું કુલ દેવું જી.એસ.ડી.પી.ના ૧૫.૧૭ ટકા છે. પાછલાં દસ વર્ષનું આ સૌથી ઓછું દેવું છે અને દેશનાં સૌથી ઓછું દેણુ ધરાવતાંત્રણ મોટાં રાજ્યોમાં ગુજરાતે સ્થાન મેળવ્યું છે. ગુજરાતના ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી અને બજેટ મેનેજમેન્ટ એક્ટ મુજબ વિધાનસભાએ રાજ્ય સરકારને જી.એસ.ડી.પી.ના ૨૭ ટકા સુધી દેવું વધારવા માટે છૂટ આપેલી છે. આમ છતાં ગુજરાત સરકારે માત્ર ૧૫.૧૭ ટકાનો જ ઉપયોગ કર્યો છે. દેશના ૨૧ રાજ્યોમાં આ આંકડો ૨૭ટકાથી વધારેછે, ત્યારે ગુજરાતે નાણાંકીય શિસ્તનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યુંછે, તેનું તેમણે ગૌરવ કર્યું હતું.



ગુજરાતે નાણાંકીય શિસ્તનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

૫-જી ગુજરાતમાં આપણી ભાવિપેઢી પોષણક્ષમ હોય, સ્વસ્થ હોય તેમાંય માતાઓ અને બાળકોના સંગીન સ્વાસ્થ્યને અગ્રતા આપતાં "સુપોષિત ગુજરાત મિશન" જાહેર કર્યું છે, તેને તેમણે આવકાર્યું હતું. સ્વસ્થ, સમૃદ્ધ અને વિકસિત ગુજરાત @2047 માં કિશોરીઓની ભૂમિકા મહત્વની છે. આપણે આવી દીકરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણ, ત્રણેયને પ્રોત્સાહિત કરવાનો હોલિસ્ટિક એપ્રોચ અપનાવ્યો છે. આમાટે ત્રણ નવી યોજનાઓ, "નમો લક્ષ્મી યોજના", "નમો સરસ્વતી યોજના" અને "નમોશ્રી યોજના" જાહેર કરી છે, તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતાનો સંદેશ ઘેર-ઘેર ગૂંજતો કરીને સ્વચ્છતા માટેના જનઆંદોલનથી સ્વચ્છભારતની જ પ્રતિબદ્ધતા દર્શાવી છે, તેને ગુજરાતમાં વેગ આપવા "નિર્મળ ગુજરાત૨.૦અભિયાન" માટે આ વર્ષના બજેટમાંપણ બે ગણો વધારો કર્યોછેઅને રૂપિયા ૨૫૦૦ કરોડનું પ્રાવધાન કર્યું છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ શહેરોના આયોજનબદ્ધ વિકાસ માટે સાત નગરપાલિકાઓ નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા તથા સુરેન્દ્રનગર/ વઢવાણને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. અમદાવાદની સાબરમતી નદીની સર્વગ્રાહી કાયાપલટ કરીને રિવરફ્રન્ટ દ્વારા એક વૈશ્વિક ઓળખ આદરણીય વડાપ્રધાનશ્રીએ અપાવીછે. તેમના વિઝનને અનુરૂપ આ રિવરફ્રન્ટને ગાંધીનગર તથા ગિફ્ટ સિટી સુધી લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે, તેની વિગતો શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી. અમદાવાદ, ગાંધીનગર, ગિફ્ટ સિટીની ટ્રાયસિટી તરીકેની આગવી વિકાસ-ઓળખમાં આ સળંગ રિવરફ્રન્ટ નવું સીમાચિન્હ બનશે, એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. ૩૮ કિલોમીટરનો આ સાબરમતી રિવરફ્રન્ટ વિશ્વના સૌથી લાંબા અને રળિયામણા રિવરફ્રન્ટનું ગૌરવ મેળવશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. સર્વાંગી અને સર્વસમાવેશી વિકાસથી વિકસિત ગુજરાત એટ ૨૦૪૭નું દિશાદર્શન કરનારું અને વિકસિત ભારતના નિર્માણમાં વિકસિત ગુજરાતને અગ્રેસર રાખનારું મહેસૂલી પૂરાંતવાળું બજેટ આપવા બદલ તેમણે નાણાંમંત્રીશ્રી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



ગુજરાતને આવનારા દિવસોમાં ૫-જી ગુજરાત બનાવવાની દિશા લીધી છે, તેની વિભાવના સ્પષ્ટ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ૫-જી એટલે...

- અન્ય પ્રદેશોથી શ્રેષ્ઠ હોય એવું ગરવું ગુજરાત
- મૂલ્યનિષ્ઠ નાગરિક જીવન, પર્યાવરણ સંતુલન અને સાંસ્કૃતિક વારસાના જતન સાથેનું ગુણવંતુ ગુજરાત.
- રિન્યુએબલ એનર્જી અને સરક્યુલર ઈકોનોમીને પ્રાધાન્ય આપતું ગ્રીન ગુજરાત.
- સમગ્ર વિશ્વ સાથે આર્થિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલું ગ્લોબલ ગુજરાત.
- અન્ય પ્રદેશો કરતાં વૃદ્ધિ દર વધુ હોય તેમ જ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓમાં પણ આર્થિક રીતે અગ્રેસર રહે તેવું ગતિશીલ ગુજરાત.

તંત્રી સ્થાનેથી......

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર માઇક્રોએન્ડ સ્મોલએન્ટરપ્રાઇઝીસ (સીજીટીએમએસઈ)એ વર્ષ ૨૦૨૨-૨૩માંરૂ. ૧.૦૪લાખ કરોડનાંઆંકડાની સરખામણીમાં રૂ. ૧.૫૦લાખ કરોડનાંમૂલ્યની ખાતરીપૂર્વકની રકમને પાર કરવાની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે, જેમાં ૫૦ટકાનો ધરખમ વધારો થયો છે. આ સિમાચિહ્ન સિડબી, એમએસએમઈ મંત્રાલય અને સીજીટીએમએસઈ દ્વારાસૂક્ષ્મ અનેલઘુ ઉદ્યોગો(એમએસઈ)ને કોલેટરલ ફ્રી ધિરાણની સુવિધા પ્રદાન કરવા માટે હાથ ધરવામાં આવેલી વિવિધ વ્યૂહાત્મક પહેલોનું પરિણામ છે. સીજીટીએમએસઈની સ્થાપના વર્ષ ૨૦૦૦માં મંત્રાલય દ્વારા કરવામાંઆવી હતી. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસ(એમએસએમઇ) અનેસિડબી સભ્ય ધિરાણ સંસ્થાઓને એમએસઈને તેમના દ્વારા મંજૂર કરવામાં આવેલી ધિરાણ સુવિધાઓ માટે ક્રેડિટ ગેરંટી સપોર્ટ પ્રદાન કરશે, ખાસ કરીને કોલેટરલની ગેરહાજરીમાં. ધિરાણકર્તાઓ દ્વારા ગેરન્ટી મિકેનિઝમનોવ્યાપક સ્વીકાર સીજીટીએમએસઈ દ્વારા હાથ ધરવામાંઆવેલી અનેક પહેલોને કારણે થયો છે, જેમ કે ગેરંટી ફીમાંઘટાડો, ગેરંટી માટે લોનનીપાત્રતા મર્યાદામાં વધારો, દાવાની પતાવટ માટેની પૂર્વ-શરતમાં છૂટછાટ, ધિરાણકર્તાઓ દ્વારા "વ્યવસાય કરવામાં સરળતા" તરફ દોરીજતી કામગીરીના એન્ડ-ટુ-એન્ડ ડિજિટાઇઝેશન વગેરે. ક્રેડિટએન્હાન્સમેન્ટ ટૂલ તરીકે ગેરંટીનો સતત વધતો જતો ઉપયોગ દેશમાં ઉદ્યોગસાહસિકતાના ભવિષ્ય માટે આશાવાદ પેદાકરે છે, જે કોલેટરલ-ફ્રીધિરાણને પ્રોત્સાહન આપે છે.

તાપી જિલ્લાની વિવિધ શાળાઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે ૧૦૮ની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર અંગે ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

તાપી જિલ્લાની વિવિધ શાળાઓમાં તાપી જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તાપી જિલ્લાની પ્રાથમિક શાળા કસવાવ, પ્રાથમિક શાળા કપુરા, પ્રાથમિક શાળા તાડકુવા ડુંગરી, કાંજણ પ્રા.શા, પ્રાથમિક શાળા ખડકલા, પ્રાથમિક શાળા ટોકરવા, પ્રાથમિક શાળા શિખેર, પ્રા.શા.વેકદા, પ્રા.શા.રાયગઢ, વરજાખલ, ડોસવાડા, પ્રાથમિક શાળા ખરશી ખાતે ૧૦૮ની ટીમ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે મેગા ઈવેન્ટ ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ શાળાઓમાં બાળકોને કુદરતી કે કુત્રિમ આપત્તિઓના સમયે સ્વ-બચાવ તથા બીજાને કેવી રીતે મદદરૂપ બનવું, આપત્તિસમય શુંકરવુંઅને શું ન કરવુંજોઇએ તેઅંગે જાણકારી આપી બાળકોને લાઇવ ડેમોટ્રેશન બતાવવામાં આવ્યોહતો. જિલ્લાના ૧૦૮ના મેનેજમેન્ટ અધિકારીશ્રી મયંક ચૌધરીની ટીમદ્વારા બાળકોને ઈમર્જન્સી સેવાઓ અંગે જાગૃત કરવામાં આવ્યાહતા. જેમકે ઘરમાં કે આજુ બાજુ અથવા શાળાઓમાં ઈમર્જન્સી ઘટના બને તો ૧૦૮ ને ફોન કરવો, ૧૦૮ સ્થળપર પહોંચે તે પહેલાપ્રાથમિક સારવારકેવીરીતે કરવી તે અંગે જાણકારી આપી લાઇવ ડેમો બતાવવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ પણ ઉત્સાહભેર જોડાઇ જુદી જુદી ઇમરજન્સીસેવાઓઅંગે જાણકારી મેળવી હતી.

સુરતવાસીઓ માટેઅડાજણ-સુરત-આંકોલવાડી રૂટપર સ્લીપર કોચ સર્વિસનો આજથી શુંભારંભ

વિભાગીય નિયામક પી.વી.ગુર્જરના હસ્તે ફ્લેગ ઓફ આપી બસને પ્રસ્થાન કરાવાયું

કમલમ્ ન્યુઝ,

સુરત ડાયમંડ એસોસિયેશનના આગેવાનો અને લોકોની માંગણીને ધ્યાને રાખીને એસ.ટી. નિગમ દ્વારા અડાજણ - સુરત - આંકોલવાડી રૂટ પર ન્યુ બ્રાન્ડ સ્લીપર કોચ સર્વિસનો શુભારંભ કરાયો છે.સુરત એસ.ટી વિભાગીય નિયામકશ્રી પી. વી. ગુર્જર, વિભાગીય પરિવહન અધિકારી મિલન વાઢેર, ડેપો મેનેજર મનોજ ચૌધરી સહિત અડાજણ ડેપોના સ્ટાફ દ્વારા ફ્લેગ ઓફ આપી સ્લીપર બસ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સુરતનાઅડાજણ ડેપોખાતેથી બસ દૈનિક ધોરણે બપોરે ૦૩:૩૦ વાગે ઉપડીને સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે ૦૪:૦૦ વાગ્યે પહોંચશે. ત્યાર બાદ વાયારાજકોટ, જુનાગઢ અને સાસણ ગીર થઈને આકોલવાડી જશે.સાંજે ૦૪:૩૦ વાગે આકોલવાડીથી સુરત સેન્ટ્રલ બસ ડેપોઅને અડાજણ માટે પરત આવવા નીકળશે. સ્લીપર કોચ સર્વિસ શરૂ થવાથી આંકોલવાડી વિસ્તારના સુરત ખાતે વસતા લોકોની માંગણીના સુખદ અંત સાથે ખુશીની લાગણી ફેલાઈ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઇકોનિક તેમજ હેરિટેજ સ્થળો પર સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરના પર્યટન સ્થળો, આઇકોનીક પ્લેસ, જાહેર સ્થળો, ઐતિહાસિક સ્મારકો તેમજ હેરિટેજ સ્થળોની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાઓ વોલેન્ટિયર્સ તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ નખત્રાણા તાલુકાના દ્રષ્ટીની ખામીવાળા ૧૨૫ બાળકોને નિ:શુલ્ક ચશ્મા વિતરણ

કમલમ્ ન્યુઝ,ભુજ

રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમના નેશનલ પ્રોગ્રામ ફોર કંટ્રોલ ઓફ બ્લાઇન્ડનેસ એન્ડ વિઝ્યુઅલ એમ્પીયરમેન્ટ (NPCB & Vi)અંતર્ગત નખત્રાણા તાલુકા આરોગ્ય કચેરી તરફથી નખત્રાણાની વિવિધ શાળાઓનાંબાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર. ફુલમાલી અને તાલુકા આરોગ્ય અધિકારી ડો.એ. કે. પ્રસાદના માર્ગદર્શન હેઠળ આર.બી.એસ.કે નોડલ ઓફિસર ડૉ. અજય ત્રિવેદીની આગેવાનીમાં આર.બી.એસ.કે. ટીમનાડૉ. શૈલીશુક્લા, ડૉ.અનિલ પંડ્યા અને ડૉ.કશ્યપ ડોડીયા દ્વારા નખત્રાણાની વિવિધ શાળાઓનાં બાળકોનાઆરોગ્યની તપાસણીમાં ૨૪૫ બાળકોની તપાસ કરતા ૧૨૫ બાળકોમાં દ્રષ્ટિની ખામી જણાઈ આવી હતી. આ બાળકોને વિનામૂલ્યે ચશ્માઆપવામાં આવ્યા હતા બાળકોનીઆંખોની ચકાસણી આપટરો મેટ્રિસ્ટ કાર્તિકભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી. આ કામગીરીમાં આર.બી.એસ.કે ટીમના હીનાબેન લોચા, દિવ્યાબેન, ભક્તિબેન દરજી, લીનાબેન સુતરીયા તથાતાલુકા સુપરવાઇઝર સુલેમાનભાઈ પિંજારાએ જરૂરી સહયોગઆપ્યો હતો.

અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં સેમિનાર અને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલીસેલ્ફ ફાઈનાન્સબી.બી.એ.,બી.કોમ. અને બી.સી.એ. કોલેજ તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૪ નારોજ કોલેજની વિવિધપ્રવૃત્તિઓમાં સ્વયં સેવક નીસેવા આપનાર વિદ્યાર્થીઓ માટે એક વિશેષ સેમિનાર તેમજ પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ ના ઉપલક્ષ માં SRK House ના CEO શ્રી. અક્ષયભાઈ ધોળકિયા મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. શ્રી. અક્ષયભાઈ એ From Idea to Enterprise વિષય ઉપર યુવાવર્ગને પોતાની યુવા ઉદ્યોગપતિ બનવાની આખી વાત ને રજૂ કરી કોલેજના યુવાન વિદ્યાર્થીઓ ને પ્રેરણા મળી રહે તેવું વક્તવ્ય રજૂ કર્યું. તેમના વક્તવ્ય માં યુવા વર્ગ આત્મ વિશ્વાસ રાખી ને અડગ રહી સતત કાર્યશીલ રહે તો ધાર્યા પરિણામ મેળવી શકો છો એવો વિશ્વાસ અપાવ્યો હતો અન્ય મહેમાન તરીકે શ્રી. ભાવેશભાઈ લાઠીયા, Aviate Immigration Services પ્રતિનિધિ તરીકે શ્રી. ગોપાની સાહેબ અને નિકિતા બેન અને. C. K. Pithawala કોલેજ ના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. માર્ટીન પટેલ આ પ્રસંગે વિદ્યાર્થીની સેવાને બિરદાવવા હાજર રહ્યા હતા. કોલેજ ના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી ની અધ્યક્ષતા માં કોલેજ ના વિવિધ કો ઓર્ડીનેટર ડૉ. સ્વાતિ મહેતા, શ્રી.ભરતભાઈ બસરાની અને ડૉ. વિરલ પોલિશવાળા એ આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કર્યું હતું.

નવસારીના કાલિયાવાડી ખાતે આવેલી આંગણવાડીનું રિનોવેશન કરાયું

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારીના કાલિયાવાડી-૨ માં ભૂતફળિયા ખાતે આવેલી આંગણવાડીનું ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આંગણવાડી દત્તક લેવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રનું મકાન જર્જરિત હોવાથી આંગણવાડીનું ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રીનોવેશન કરી આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત આંગણવાડી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સ્ટેટ બેંકના મેનેજરશ્રી, આઈસીડીએસના સુપરવાઇઝર જયોત્સનાબેન ચૌધરી, આંગણવાડી વર્કરશ્રી દિપિકાબેન, હેલ્પરશ્રી સોનલબેન અને બાળકો ઉપસ્થિત રહયાં હતાં.

આહવા બસ ડેપોને સ્વચ્છતા અંગેના ચિત્રોથી સુશોભિત કરાયો



કમલમ્ ન્યુઝ,આહવા

ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનહેઠળ, GSRTC ના 'શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા' અભિયાન અંતર્ગત, રાજ્યમા બસ ડેપોમા વિશેષ સફાઈ અભિયાન તેમજ જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવીરહી છે.

વલસાડ એસ.ટી.ડિવિઝનના વિભાગીય નિયામક શ્રી એન.એસ.પટેલના નેજા હેઠળ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત ડેપો મેનેજર શ્રી કિશોરસિંહ પરમાર દ્વારા 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' અંતર્ગત ડાંગ જિલ્લામા પણ વિશેષ સ્વચ્છતા અંગેની પ્રવૃતિઓ હાથ ધરવામા આવી રહી છે. 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' કાર્યક્રમ અંતર્ગતઆહવાએસ.ટી ડેપોખાતે સ્વચ્છતા અંગેનાવિવિધ સુશોભિત ચિત્રો દોરવામા આવ્યા છે. શ્રી કિશોરસિંહ પરમારે જણાવ્યુહતુ કે, સ્વચ્છ બસસ્ટેન્ડ, અને સ્વચ્છ યાત્રા માટે એસ.ટીવિભાગ કટ્ટીબધ્ધ છે ત્યારે, બસ સ્ટેન્ડને સ્વચ્છ બનાવી વિદ્યાર્થીઓ, મુસાફરો અને લોકોમા સ્વચ્છતા જાળવણી અંગે જાગૃતિ આવે તેમાટે ખાસસ્લોગન સાથેના ભીતચિત્રો, બસસ્ટેન્ડમાંદોરવામા આવ્યાછે. આસાથેજ વારલી ભીત ચિત્રોથી બસ સ્ટેન્ડને અતિ સુંદર બનાવવામા આવ્યુ છે. મુખ્ય મથક આહવાના તાબા હેઠળ આવતા વઘઈ એસ.ટી ડેપોને પણ સુશોભિત કરવાની કામગીરી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, આહવા એસ.ટી ડેપોદ્વારા 'શુભયાત્રા, સ્વચ્છ યાત્રા' કાર્યક્રમ અંતર્ગત જિલ્લામા સ્વચ્છતા જાગૃતિ અંગેના નાટકો, રેલી અને સ્વચ્છતાની વિવિધ પ્રવૃતિઓ યોજવામા આવી હતી.

વઘઈ ખાતે તાલુકા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમા યોજાઈ પશુપાલન શિબિર

કમલમ્ ન્યુઝ,આહવા

ગુજરાત સરકારના પશુપાલન વિભાગ તથા જિલ્લા પંચાયત પશુપાલન શાખા આહવાના સહયોગથી, વઘઈ ખાતે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ એમ.ગાવિતની અધ્યક્ષતામાં, પશુપાલન શિબિર કમ પ્રદર્શનનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ શિબિરમા પશુપાલકોને નફાકારક પશુપાલન કરવા પર ભાર મુકવામા આવ્યો હતો. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈના રિસર્ચ સાયન્ટિસ્ટ ડૉ.સાગર પટેલ દ્વારા વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, ડૉ. દિવ્યાબેન ચૌધરી દ્વારા ગાય/ભેંસ મા વિયાણ બાદ જોવા મળતી સમસ્યાના નિવારણ, તથા ડૉ. સુનિલભાઈ કુંવર દ્વારા પશુઓમા રસીકરણ અંગેની વિસ્તૃત જાણકારી પશુપાલકોને આપવામા આવી હતી. આ શિબિર માં વઘઈ તાલુકાનાં જુદા જુદા ગામોમાથી ૩૦૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધોહતો. આશિબિરમાં વઘઈ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ વનિતાબેન કે. ભોયે, તાલુકા સદસ્ય શ્રીમતિ દક્ષાબેન એસ.બંગાળ, શ્રી પાઉલભાઈ એસ. ગામિત, શ્રી બળવંતભાઈ દેશમુખ, વઘઈ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતિ સીધુબેન ભોયે, પશુઅધિકારીશ્રીઓ, તથા પશુધન નિરીક્ષકશ્રીઓ હાજર રહ્યાહતા.

અમદાવાદમાં યોજાશે નેશનલ ઈન્ટર ડિસ્ટ્રીકટ જુનિયર એથલેટિક્સ મીટ ૨૦૨૪

અંડર ૧૪ અને અંડર ૧૬ ખેલાડીઓ માટે કૌવત દર્શાવવાનું મજબૂત પ્લેટફોર્મ એટલે 'નેશનલ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ (NIDJAM)

ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓએ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત કરી સ્થળ નિરીક્ષણ કર્યું

કમલમ્ ન્યુઝ,

ગુજરાત નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ-૨૦૨૪નું યજમાન બન્યું છે. આ માટેની તૈયારીઓપૂરજોશમાંચાલી રહી છે.જેને પગલેગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીશ્રીઓએ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે રમતોના આયોજન માટે સ્થળની સમીક્ષા કરી. અધિકારીશ્રીઓએ કેમ્પસમાં આવેલી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને ચાલી રહેલા કાર્યનીપ્રગતિ વિષયક સમીક્ષા કરી હતી. આ મુલાકાતમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી આર. એસ. નિનામા, સચિવ શ્રી આઈ. આર. વાળા, ઓ.એસ.ડી. ડૉ. પ્રો.અર્જુનસિંહ રાણા તથા એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ઓફિશિયલ્સ તેમજ એસ.એ.જી.ની ટીમના અન્ય સભ્યો સામેલ થયા હતા. ઉલ્લેખનીય છે કે, નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ (NIDJAM) એ વાર્ષિક મીટ છે. જેમાં ૫૦૦થી વધુ જિલ્લાઓના ૫૦,૦૦૦થી વધુ એથ્લિટ્સ જોડાય છે. અને ફાઈનલ તબક્કામાં ૫,૦૦૦ એથ્લિટ્સ જોડાય છે. 'નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથલેટિક્સ મીટ ૨૦૨૪' (NIDJAM) દેશના ખૂણે-ખૂણે તાલીમ પામેલા અંડર ૧૪ અને અંડર ૧૬ ખેલાડીઓ માટે કૌવત દર્શાવવાનું આ મજબૂત પ્લેટફોર્મ છે. જેમાં ટ્રાઈથલોન, શોટપૂટ, ડીસ્કસ થ્રો, હાઈ જમ્પ, હર્ડલ્સ વગેરે જેવી રમતોની સ્પર્ધા યોજવામાં આવે છે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રોત્સાહિત આ ઈવેન્ટ રેડ-ટેપ મુક્ત વાતાવરણને પ્રોત્સાહિત કરવા અને સંપૂર્ણ પારદર્શકતાના ધ્યેય સાથે યોજવામાં આવે છે. તેની શરૂઆત ૨૦૦૩માં કરવામાં આવી હતી. જે કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલય દ્વારા સમર્થિતછે. આ અગાઉનું સંસ્કરણ બિહારના પટણા ખાતે આયોજિત કરવામાંઆવ્યું હતું.

ફળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી ગણદેવીને સતત ચોથીવાર બેસ્ટ સેન્ટર એવોર્ડ એનાયત

સતત ચોથી વાર દેશમાં પ્રથમ ક્રમે ફળ સંશોધંન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ગણદેવી

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારીજીલ્લાના ગણદેવી તાલુકામાં આવેલી નવસારી કૃષિ યુનિવર્સિટીના ફળસંશોધન કેન્દ્રના વડા ડૉ. અંકુર પટેલ જણાવે છે કે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ICAR-AICRP on Fruits (અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજના ફળની ૧૧મી વાર્ષિક ગ્રૂપ ડિસકશન મીટિંગ નવસારી કૃષિ યુનિવર્સિટીના યજમાન પદે તા.૨૨મી જાન્યુયારીથી ૨૫મી જાન્યુઆરી સુધીયોજાયેલ હતી.

જેમાં આખા ભારત દેશના તમામ રાજયોના કુલ ૪૯ જેટલા ફળસંશોધન કેન્દ્રનાઆશરે ૨૦૦ જેટલા વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. ગ્રૂપ ડિસકશન મીટિંગની શરૂઆત નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઝીણાભાઈ પી. પટેલના પ્રમુખ સ્થાને અને મુખ્ય મહેમાન તરીકે ડૉ. વી. બી. પટેલ, આસિસ્ટન્ટ ડાઈરેક્ટર ઓફ જનરલ(ફળ), આઈ.સી.એ.આર., નવીદિલ્હીના વરદ હસ્તેકરવામાંઆવીહતી. તા. ૨૫-૧-૨૦૨૪નારોજ મીટિંગના સમાપન દરમ્યાન પ્રમુખ પદે ડેપ્યુટી ડાઈરેક્ટર ઓફ જનરલ(બાગાયત) ડો. એસ.કે. સિંહ સાહેબ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટીના ડાઈરેક્ટર ઓફ રીસર્ચ ડો. તીમુર આર. અહેલાવત અને ડો. પ્રકાશ પાટીલ, નેશનલ ઓર્ગનાઈઝિંગ સેક્રેટરી તેમજ પ્રોજેકટ કોર્ડીનેટર, અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજના ફળ, બેંગલોર હાજર રહ્યા હતા. તમામ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલ આખા વર્ષની કામગીરીનું મુલ્યાંકન રજૂ કર્યા બાદ ફળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ગણદેવીને પ્રથમ ક્રમ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું અને કેન્દ્રના વડા, સહ સંશોધન વૈજ્ઞાનિક અને લોકલ ઓર્ગનાઈઝિંગ સેક્રેટરી તરીકે ડો. અંકૂર પટેલને તેમની ટીમસાથે આ એવોર્ડ ડેપ્યુટી ડાઈરેક્ટર ઓફ જનરલ(બાગાયત) ડો. એસ.કે. સિંહ સાહેબના વરદ હસ્તે આપવામાં આવ્યો હતો. ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવીને બેસ્ટ સેન્ટર એવોર્ડ સતત ચોથી વાર એટલે કે ૨૦૨૧,૨૦૨૨ ૨૦૨૩ અને ૨૦૨૪માંગણદેવી સેન્ટરને સતત ચોથી વાર એવોર્ડ મળતા ગણદેવી સેન્ટર દ્વારા એવોર્ડની બાઉન્ડ્રી મારવામાં આવી છે. ફળ સંશોધનકેન્દ્ર, ગણદેવીસેન્ટર દેશનું પ્રથમ તેમજ કોઈ પણ અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજનામાં સતત ચાર વાર એવોર્ડ મળ્યા હોય તેવુંદેશનું પ્રથમ સેન્ટર બનવાપામ્યું છે.

આ તબક્કે યુનિવર્સિટીના માનન. કુલપતિશ્રી ડૉ. ઝીણાભાઈ પી. પટેલ પણ પોતાની કારકિર્દીના મહત્તમ વર્ષો ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવી ખાતે કાર્યરત રહ્યા હોય, પોતાના ગણદેવી ફાર્મ ખાતેના સંસ્મરણો વાગોળી ડૉ. અંકુર પટેલ અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ બાબતે ફળ સંશોધન કેન્દ્રના વડા તરીકે ડૉ. અંકુર પટેલે કેન્દ્રના કર્મચારી ગણ ડૉ. કે.ડી. બીશને, ડો. પી. કે, મોદી અને શ્રી કે.વી. મકવાણા સહિત તમામ કર્મચારી ગણ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ ઉચ્ચ પદાધીકારીઓનો આ તબક્કે સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્તકર્યો છે.

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે શ્રી સ્વામિનારાયણ ધામ ઝુંડાલ ખાતે પુના ઈન્ટરનેશનલ સ્કૂલનાં વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં હાજરી આપી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ સહિત વિવિધ થીમ પર અદ્ભુત અભિનય સાથે સુંદર કાર્યક્રમ રજૂ કર્યો સ્કૂલના બાળકોમાં અદ્ભુત પ્રતિભા રહેલી છે, જરૂર છે બસ તેને જાગૃત કરવાની આ વિષય ઉપસ્થિત તમામ વાલીગણને સમજાવ્યો હતો તેમજ બાળકના શિક્ષણ પ્રત્યે વિશેષ જાગૃત રહેવા પ્રેર્યા હતાં. આ કાર્યક્રમમાં મારુ ઉષ્માભર્યુ અને સ્નેહસભર સ્વાગત કર્યું તે બદલ ખૂબ ખૂબ આભાર. સાથે ઝુંડાલ ગુરુકુળના પ્રમુખ પી.સી.શાસ્ત્રીજી, પૂજ્ય સંતગણ, ગાંધીનગર મહાનગરપાલિકા ના કારોબારી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા.

ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આપત્તિ અન્વયે બચાવની પ્રવૃતિથી માહિતગાર થયા વિદ્યાર્થીઓ

કુદરતી અને માનવ સર્જિત આપત્તિ અન્વયે રક્ષણાત્મક પગલાની આપવામાં આવી સમજ

કમલમ્ ન્યુઝ,સોમનાથ

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગુજરાત સરકાર ગાંધીનગર જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજ કલેક્ટર કચેરી ગીર સોમનાથ દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાની ૭૮ પ્રાથમિક શાળાઓમાં આપત્તિ દરમિયાન બચાવ પ્રયુક્તિ અન્વયે વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજ કેળવાય તેવા હેતુસર વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ તેમજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂકંપ, વીજળી પડવી, પૂરઆવવુ, શોક લાગવો, અકસ્માત થવો વગેરે કુદરતી તેમજ માનવસર્જિત દુર્ઘટનાઓમાં સાવચેતી માટે ક્યા ક્યા પ્રકારના પગલા લેવા આપત્તિ સામે રક્ષણાત્મક પગલા લેવા, આફત પહેલા પૂર્વતૈયારીના ભાગરૂપે શું કરવું આ તમામ બાબતો વિશે વિદ્યાર્થીઓને વિવિધ વિભાગો દ્વારા સેમિનાર અને નિદર્શન વડે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા ફાયર ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને ડેમોસ્ટ્રેશન તેમજ ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા વિવિધ પ્રાણીજન્ય આપત્તિઓ, વનીકરણ તેમજ ગ્લોબલ વોર્મિંગ ઉપર જાગૃતી કાર્યક્રમ, એઆરટીઓ દ્વારા રોડ સેફટી વિષયક માહિતી, GVK-EMRI દ્વારા ૧૦૮ની વિવિધ સેવાઓ તથા કુદરતી અને માનવ સર્જિત આપત્તિ અન્વયે બચાવ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ અંતર્ગત એજન્સીઓ તેમજ [illegible] ફાઉન્ડેશન સુત્રાપાડા, ઈન્ડિયન રેયોન-વેરાવળ, અંબુજા સિમેન્ટ-વડનગર, ૨.જી..ન. કોડીનાર જેવી પ્રાઈવેટ કંપનીઓ દ્વારા વિવિધ આપત્તિઓ અને તેમના બચાવ અન્વયે લેવાનાં થતાં પગલાઓ અન્વયે પોતાનું યોગદાન આપતા સેમિનાર અને નિદર્શનના માધ્યમ મથી વિદ્યાર્થીઓ માટે જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજ્યા હતાં.

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યની વિવિધ શાળાઓમાંથી શાળાકીય પ્રવાસે આવેલ નાના ભૂલકાઓ સાથે વિધાનસભા પરિસરમાં મીઠી મુલાકાત કરી.

ભારત સરકારે "ભારત ચોખા" બ્રાન્ડ હેઠળ ગ્રાહકોને ચોખાનું છૂટક વેચાણ શરૂ કરવાનો નિર્ણય લીધો

ઘઉંના ભાવમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, ઓએમએસ (ડી) હેઠળ અત્યાર સુધીમાં ૭૫.૨૬ એલએમટી ઘઉંનું વેચાણ થયું છેઃ ખાદ્ય સચિવ

વેપારીઓ/જથ્થાબંધ વેપારીઓ, રિટેલર્સ, બિગ ચેઇન રિટેલર્સ, પ્રોસેસર્સ/મિલર્સ માટે ચોખા/ડાંગરના સ્ટોક ડિસ્ક્લોઝરને કેન્દ્ર સરકારે ફરજિયાત બનાવ્યું

કમલમ્ ન્યુઝ,

એકંદરે ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવા અને અનૈતિક અટકળોને રોકવા માટે, ભારત સરકારે નિર્ણય લીધો છે કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વેપારીઓ/જથ્થાબંધ વેપારીઓ/જથ્થાબંધ વેપારીઓ, રિટેલરો, બિગ ચેઈન રિટેલર્સ અને પ્રોસેસર્સ/મિલરો દ્વારા ચોખા/ડાંગરની સ્ટોક પોઝિશન જાહેર કરવી આવશ્યક છે, જ્યાં સુધી આગામી આદેશ ન મળે ત્યાં સુધી. સંબંધિત કાયદાકીય સંસ્થાઓ એટલે કે ટ્રેડર્સ/હોલસેલર્સ, રિટેલર્સ, બિગ ચેઈન રિટેલર્સ, પ્રોસેસર્સ/મિલર્સે (૧) તૂટેલા ચોખા, (૨) નોન-બાસમતી વ્હાઇટ રાઈસ, (૩) પરબોઈલ્ડ રાઈસ, (૪) બાસમતી ચોખા, (૪) બાસમતી ચોખા, (૫) ડાંગર જેવી કેટેગરીમાં ડાંગર અને ચોખાના સ્ટોક પોઝિશન જાહેર કરવાના રહેશે. કંપનીઓપોર્ટલ (https://evegoils.nic.in/rice/login.html) પર દર શુક્રવારે તેને અપડેટ કરે તેવી અપેક્ષા છે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગનું. રાઈસની સ્ટોક પોઝિશન આ કંપનીઓ દ્વારા ઓર્ડર જારી થયાના ૭ દિવસની અંદર જાહેર કરવામાં આવશે. વધુમાં, ખાદ્ય અર્થતંત્રમાં ફુગાવાના વલણને રોકવા માટે, તે નક્કી કરવામાં આવ્યું છે સામાન્ય ગ્રાહકોને 'ભારત ચોખા'નું રિટેલ વેચાણ શરૂ કરવું. પ્રથમ તબક્કામાં નાફેડ, એનસીસીએફ અને કેન્દ્રીય ભંડાર નામની ૩ એજન્સીઓ મારફતે 'ભારત ચોખા' બ્રાન્ડ હેઠળ રિટેલ વેચાણ માટે ૫ એલએમટી ચોખાની ફાળવણી કરવામાં આવી છે. સામાન્ય ગ્રાહકોને ભારત ચોખાના વેચાણ માટે છૂટક કિંમત ૨૯ રૂપિયા પ્રતિ કિલો હશે. ચોખા ૫ કિલો અને ૧૦ કિલો બેગમાં વેચવામાં આવશે. ભારત ચોખા ત્રણ કેન્દ્રીય સહકારી સંસ્થાઓના મોબાઇલ વાન અને ભૌતિક આઉટલેટ્સ પરથી ખરીદી માટે ઉપલબ્ધ થશે, અને તે ખૂબ જ ટૂંક સમયમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ સહિત અન્ય રિટેલ ચેઈન દ્વારા પણ ઉપલબ્ધ થશે. આ ખરીફમાં સારો પાક, એફસીઆઈ પાસે પૂરતો સ્ટોક અને પાઈપલાઈનમાં અને ચોખાની નિકાસ અંગેના વિવિધ નિયમો હોવા છતાં ચોખાના સ્થાનિક ભાવમાં વધારો થઈ રહ્યો છે. પાછલા વર્ષની સરખામણીએ રિટેલ કિંમતોમાં ૧૪.૫૧ ટકાનો વધારો થયો છે. ચોખાના ભાવને અંકુશમાં લેવાના પ્રયાસરૂપે સરકાર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી ચૂક્યા છે. સારી ક્વોલિટીના ચોખાનો પૂરતો સ્ટોક એફસીઆઈ પાસે ઉપલબ્ધ છે, જે ઓએમએસએસ હેઠળ વેપારીઓ/જથ્થાબંધ વેપારીઓને રૂ. ૨૯/કિલોના અનામત ભાવે ઓફર કરવામાં આવી રહ્યો છે. ખુલ્લા બજારમાં ચોખાનું વેચાણ વધારવા માટે ભારત સરકારે ચોખાની અનામત કિંમત રૂ. ૩૧૦૦/ક્યુટીએલથી ઘટાડીને રૂ. ૨૯૦૦/ક્યુટીએલ કરી હતી તથા ચોખાનો લઘુતમ અને મહત્તમ જથ્થો સુધારીને અનુક્રમે રૂ. ૧ એમટી અને ૨૦૦૦ એમટી કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, એફસીઆઈ પ્રાદેશિક કચેરીઓ દ્વારા વ્યાપક પહોંચ માટે નિયમિત પ્રચાર કરવામાં આવે છે. જેના કારણે ચોખાનું વેચાણ ધીમે ધીમે વધ્યું છે. ૩૧-૦૧-૨૦૨૪ સુધી ખુલ્લા બજારમાં ૧.૬૬ એલએમટી ચોખાનું વેચાણ થયું છે જે ચોખા માટે ઓએમએસએસ (ડી) હેઠળ કોઈ પણ વર્ષમાં સૌથી વધુ વેચાણ છે. તૂટેલા ચોખાની નિકાસ નીતિને "ફ્રી" થી "પ્રતિબંધિત" માં સુધારો કરવામાં આવ્યો છે. ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨. નોન-બાસમતી ચોખાના સંદર્ભમાં, જે ચોખાની કુલ નિકાસના આશરે ૨૫% હિસ્સો ધરાવે છે, તેના પર ૨૦% ની નિકાસ જકાત લાદવામાં આવી છે. ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨થી ચોખાના ભાવ ઘટાડશે. ત્યારબાદ, નોન-બાસમતી સફેદ ચોખાની નિકાસ નીતિને ૨૦મી જુલાઈ ૨૦૨૩ થી પ્રભાવિત કરીને 'પ્રતિબંધિત' માં સુધારો કરવામાં આવ્યો હતો. બાસમતી ચોખામાં, બાસમતી નિકાસ માટેના કોન્ટ્રાક્ટ્સ પ્રતિ રૂ ૯૫૦ યુએસડી માત્ર અને તેથી વધુના મુદ્દા માટે નોંધાયેલા છે. નોંધણી-કમ-ફાળવણી પ્રમાણપત્ર (RCAC). પરબોઈલ્ડ ચોખા પર ૨૦% નિકાસ જકાત લાદવામાં આવી છે જે ૩૧મી માર્ચ, ૨૦૨૪ સુધી લાગુ રહેશે. આ તમામ પગલાઓએ સ્થાનિક બજારમાં

આવશ્યક ચીજવસ્તુઓ પરના નિકાસ નિયમો પર ફરીથી વિચાર કરવાની કોઈ દરખાસ્ત નથીઃ ખાદ્ય સચિવ

ચોખાના ભાવમાં વધારાની ગતિને અટકાવી છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ પણ ઘઉંના સ્ટોકની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે, જેથી કિંમતોને અંકુશમાં રાખી શકાય અને દેશમાં સરળતાથી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય. ઘઉંના અખિલ ભારતીય સરેરાશ ઘરેલુ જથ્થાબંધ અને છૂટક ભાવમાં એક મહિના અને વર્ષમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ઓલ ઈન્ડિયા એવરેજ ડોમેસ્ટિક હોલસેલ અને રિટેલ સેક્શનમાં આટા (ઘઉં)ના ભાવમાં પણ એક સપ્તાહ, મહિના અને વર્ષમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ખુલ્લા બજારમાં ઘઉંની ઉપલબ્ધતા વધે અને ઘઉંના ભાવોને અંકુશમાં રાખવા માટે ભારત સરકાર દ્વારા તા. ૨૮-૬-૨૦૨૩થી સાપ્તાહિક ઈ-ઓક્શન દ્વારા બજારમાં ઘઉં ઉતારવામાં આવી રહ્યા છે. ભારત સરકાર દ્વારા ઓપન માર્કેટ સેલ સ્કીમ (સ્થાનિક) ચઓએમએસએસ (ડી) હેઠળ એફએક્યુ માટે રૂ. ૨૧૫૦/ક્યુટીએલની અનામત કિંમતે અને યુઆરએસ માટે રૂ. ૨૧૨૫/ક્યુટીએલની અનામત કિંમતે ઓફલોડિંગ માટે ભારત સરકાર દ્વારા કુલ ૧૦૧.૫ એલએમટી ઘઉંની ફાળવણી કરવામાં આવી છે. ઘઉંની ઉપલબ્ધતા વધારવા અને ખુલ્લા બજારમાં ઘઉંની માંગને પહોંચી વળવા માટે, ઈ-હરાજીમાં ઘઉંની સાપ્તાહિક ઓફરને પ્રારંભિક ૨ એલએમટીથી વધારીને ૪.૫ એલએમટીની હાલની સાપ્તાહિક ઓફરમાં ધીમે ધીમે વધારવામાં આવી રહી છે. ૩૧-૦૧-૨૦૨૪ સુધીમાં ઓએમએસએસ (ડી) હેઠળ ૭૫.૨૬ એલએમટી ઘઉંનું વેચાણ થયું છે. હવે સાપ્તાહિક હરાજીમાં ઓએમએસએસ હેઠળ આપવામાં આવતા ઘઉંના જથ્થાને વધારીને ૫ એલએમટી કરવાનો અને લોટ સાઈઝ વધારીને ૪૦૦ મેટ્રિક ટન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પિલાણની સિઝન શરૂ થયા બાદ શુગર એક્સ-મિલના ભાવમાં ૩.૫-૪ ટકાનો ઘટાડો થયો છે અને ખાંડના ઓલ ઈન્ડિયા રિટેલ અને હોલસેલના ભાવ સ્થિર છે. સુગર સીઝન ૨૦૨૨-૨૩માં શેરડીના ૯૯.૯ ટકાથી વધુ લેણાંની ચૂકવણી કરવામાં આવી છે અને ચાલુ સિઝન માટે અત્યાર સુધીમાં ૮૦ ટકા શેરડીની બાકી નીકળતી રકમ ચૂકવવામાં આવી છે. ભારત સરકાર ખાદ્યતેલોના સ્થાનિક છૂટક ભાવો પર પણ બારીકાઈથી નજર રાખી રહી છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ઘટાડાનો સંપૂર્ણ લાભ અંતિમ ગ્રાહકોને આપવામાં આવે. સરકારે સ્થાનિક બજારમાં ખાદ્યતેલોના ભાવને નિયંત્રિત કરવા અને તેને સરળ બનાવવા માટે નીચે મુજબના પગલાં લીધા છે: ક્રૂડ પામ ઓઈલ, ક્રૂડ સોયાબીન ઓઈલ અને ક્રૂડ સનફ્લાવર ઓઈલ પર બેઝિક ડ્યુટી ૨.૫ ટકાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવી હતી. આ ઉપરાંત આ ઓઈલ પરનો એગ્રિ-સેસ ૨૦ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો હતો. આ ડ્યુટી સ્ટ્રક્ચરને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી વધારવામાં આવ્યું છે. રિફાઈન્ડ સોયાબીન તેલ, રિફાઈન્ડ સનફ્લાવર ઓઈલ અને રિફાઈન્ડ પામ ઓઈલ પર બેઝિક ડ્યુટી ઘટાડીને ૧૨.૫ ટકા કરવામાં આવી છે. આ ડ્યુટી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી વધારવામાં આવી છે. સોયાબીન તેલ, સનફ્લાવર ઓઈલ, પામ ઓઈલ અને રિફાઈન્ડ પામ ઓઈલ જેવા મુખ્ય ખાદ્યતેલોની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ગયા વર્ષથી ઘટાડાનું વલણ જોવા મળી રહ્યું છે. ખાદ્યતેલોના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડો સ્થાનિક બજારમાં સંપૂર્ણપણે પસાર થાય તે માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયત્નોને કારણે, સરસવ તેલ, સોયાબીન તેલ, સૂર્યમુખી તેલ અને આરબીડી પામોલિનના છૂટક ભાવમાં એક વર્ષમાં ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અનુક્રમે ૧૮.૩૨ ટકા, ૧૭.૦૭ ટકા, ૨૩.૮૧ ટકા અને ૧૨.૦૧ ટકાનો ઘટાડો થયો છે. સરકારે લીધેલાં સક્રિય પગલાંને કારણે દેશમાં ખાદ્યતેલોના ભાવ બે વર્ષ પછીના સૌથી નીચલા સ્તરે છે. ઉપરોક્ત પગલાંથી દેશમાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં વધારાની ગતિ ધીમી કરવામાં મદદ મળી છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દેશમાં આવશ્યક ચીજવસ્તુઓની કિંમતો પર બારીકાઈથી નજર રાખે છે અને તેની સમીક્ષા કરે છે અને આહારનો મહત્ત્વપૂર્ણ ભાગ ગણાતી આ ચીજવસ્તુઓની પરવડે તેવી ક્ષમતા સુનિશ્ચિત કરવા માટે જ્યારે પણ કોઈ પણ પ્રકારની દરમિયાનગીરી કરવાની જરૂર પડે ત્યારે પગલાં ભરે છે.

હિંમતનગર ખાતે આયુષ મોબાઈલ મેડીકલ યુનિટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

કમલમ્ ન્યુઝ, ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં નેશનલ આયુષ મિશન અંતર્ગત તેમજ નિયામકશ્રી ગાંધીનગર તેમજ જીલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા જિલ્લા પંચાયત ખાતે આયુષ મોબાઈલ મેડીકલ યુનિટ ને જીલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી તેમજ જીલ્લા પંચાયતના પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ આયુષ મોબાઈલ મેડીકલ યુનિટનો ઉદેશ્ય ટ્રાઈબલ તાલુકા ખેડબ્રહ્મા, વિજયનગર, અને પોશીનાના અંતરિયાળ વિસ્તારમાં તેમજ જયાં આયુષ દવાખાના નથી એવા છેવાડાના વિસ્તારમાં પહોંચી આયુષની સેવાઓનો લાભ લોકોને આપવાનો છે. જેને મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતુ.

ગુજરાત બજેટ ૨૦૨૪-૨૫ : સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે નવા આકર્ષણો ઉમેરવા માટે રૂ. ૪૭૫ કરોડની જોગવાઈ

- ★ **એકતાનગર ખાતે આકાર પામશે સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર – રૂ. ૨૫ કરોડની ફાળવણી**
- ★ **ગુજરાત વંદના તથા વીર બાળક સ્મારક જેવા આકર્ષણો પણ ઉમેરાશે**
- ★ **આશાસ્પદ હોસ્પિટાલિટી ડિસ્ટ્રીકટ પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦ કરોડની ફાળવણી.**
- ★ **સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસ અને માળખાકીય વિકાસ માટે રૂ. ૧૫૦ કરોડની ફાળવણી.**

કમલમ્ ન્યુઝ,

ગુજરાતસરકારનું શુક્રવારે રજૂ થયેલ વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં પ્રવાસન ક્ષેત્ર ઉપર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે અને તેના હેઠળ ગુજરાતના વિશ્વ કક્ષાના પ્રવાસન ક્ષેત્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે નવા આકર્ષણો ઉમેરવામાં આવશે. એકતા નગર માટે બજેટમાં રૂ. ૪૭૫ કરોડ કરતા વધુ રકમની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં જાહેરાત કરાયેલ તમામ કાર્યો સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર ના અધ્યક્ષશ્રી અને નર્મદા નિગમના વહીવટી સંચાલક શ્રી મુકેશ પૂરી અને મુખ્ય કારોબારી અધિકારી અને નર્મદા નિગમના સંયુકત વહીવટી સંચાલકશ્રી ઉદિત અગ્રવાલના સંયુકત માર્ગદર્શનમાં હાથ ધરવામાં આવશે. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ શુક્રવારે વિધાનસભામાં વર્ષ ૨૦૨૪-૨૫ માટેનું બજેટ રજૂ કર્યું. બજેટમાં પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા પર ખાસ ભાર મૂકાયો છે. નાણા મંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર માટે વિવિધ આકર્ષણો ઉમેરવા માટે રૂ. ૪૭૫ કરોડ કરતા વધુની રકમની જોગવાઈ કરવામાં આવી છે. બજેટની જોગવાઈઓ મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલના વિકાસ અને આંતરમાળખાકીય સુવિધાઓની વૃદ્ધિ માટે રૂ. ૧૫૦ કરોડ, એકતા નગર ખાતે હોસ્પિટાલિટી ડિસ્ટ્રીક્ટ વિકાસના પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦ કરોડ અને એકતા નગર ખાતે જ સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટરના પ્રોજેક્ટ માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. આ ઉપરાંત બજેટમાં એકતા નગર ખાતે ગુજરાત વંદના તેમજ દેશી રજવાડાઓનું સંગ્રહાલય બનાવવાની સાથે વીર બાળક ઉદ્યાન બનાવવાના આયોજનની પણ જાહેરાત કરવામાં આવી છે.

- **શું છે ગુજરાત વંદના મ્યુઝિયમ**

હોસ્પિટાલિટી ડિસ્ટ્રીકટ વિકાસ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત વંદના મ્યુઝિયમ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમ ગૌરવશાળી ગુજરાતની યાદ અપાવશે તેની સુંદર ગેલેરીઓ તથા દશ્યના માધ્યમથી તેના વિકાસ પથની જાણ થઈ જશે. આ મ્યુઝિયમ રાજ્યની ભવ્યતા, રાજ્ય દ્વારા આત્મસાત કરાયેલ સંભારણાઓનું તારણ તથા રાજ્યના ગૌરવશાળી અતીતને સામે લાવશે. એકતાનગરમાં એકતા નર્સરી તથા ગોરા બ્રિજ પાસે ૧૦ એકર વિસ્તારમાં આકાર પામનાર ગુજરાત વંદના મ્યુઝિયમની કામગીરી ટૂંક સમયમાં ચાલુ થશે.

- **શું છે વીર બાળક ઉદ્યાન**

વીર બાળક ઉદ્યાન એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ૩૦ એકરમાં આકાર પામશે. આ મ્યુઝિયમ પ્રાચીનકાળથી ભારતમાં બાળકોની વીરતા તથા બુદ્ધિમત્તાનું સન્માન કરશે. બાળકો/બાળ વીરોની બહાદુરીના અનુસરણ કરવા યોગ્ય કાર્યોને યાદ કરવા માટે ઉદ્યાનને એક પ્રાકૃતિક તથા સઘન ભૂદૃશ્ય વાસ્તુકલા (dense landscaping architecture) તરીકે વિકસિત કરવામાં આવશે. મુલાકાતીઓ જયારે મ્યુઝિયમ પાર્ક વડે નેવિગેટ કરે, ત્યારે તેમની તમામ પાંચેય ઈન્દ્રિયો જાગૃત થઈ જાય, તેવી વનસ્પતિના વિવિધ તત્વો તથા પ્રજાતિઓની પસંદગી કરી આ ઉદ્યાનમાં લગાવવામાં આવશે. પ્રવાસીઓને આ પરિદૃશ્ય સાથે જોડી દેવાનો પ્રયત્ન કરવામાં આવશે.

- **શું છે દેશી રજવાડાઓનું મ્યુઝિયમ**

એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા લીમડી બ્રિજ નજીક ૫.૫ એકરમાં નિર્માણ પામનાર મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ્સ એટલે કે દેશી રજવાડાઓના મ્યુઝિયમનું ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. ભારતના દેશી રજવાડાઓનું આ મ્યુઝિયમ જે તેવખતના શાસકોના જીવન, સંસ્કૃતિ, વારસા અને સરદાર પટેલના એકજુટ તથા સ્વતંત્ર રાષ્ટ્રના નિર્માણના ભવ્ય વિઝનમાં રાજા-રજવાડાઓના વિશાળ યોગદાનનો ચિતાર આપી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

- **કેવું હશે સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર**

તેવીજ રીતે સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર વડે સરદાર સરોવર ડેમના નિર્માણની રિમાર્કેબલ સફર, ડેમના એન્જીનિયરિંગ કૌશલ્ય, નિર્માણની સમગ્ર ગાથા, પર્યાવરણીય મુશ્કેલીઓ, તેના નિવારણ, વસ્થાપિતોના પુનર્સ્થાપન તથા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ તથા રાજસ્થાનમાં ડેમના કારણે વિવિધતા તથા સમુદાય પર પડેલ અસરો વિગેરેનો માહિતીપ્રદ અનુભવ કરી શકાશે. ૪૧૮૯૭ સ્કવેયર મીટરમાં આકાર પમનાર આ સેન્ટર ખાતે પગેલેરીઓ હશે. તેમાં પ્રોજેક્ટ વિઝન, મેકિંગ ઓફ ધ ડેમ, નોઈંગ ધ ડેમ, સ્ટોરી ઓફ નર્મદા, ઊર્જા ગેલેરી વોકવે તથા ઊર્જા ગેલેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વ્યુઈંગ ડેક, રિસેપ્શન, કાફે, સોવેનિયર સ્ટોર જેસી સુવિધાઓ પણ હશે.

શ્રી ગ્રામસેવા મંડળ વાંસદા સંચાલિત શ્રી સાંદિપની આશ્રમશાળા ઉપસળ ખાતે ૪૪ માં સ્થાપના દિનની કરાયેલી ઉજવણી

કમલમ્ ન્યુઝ,નવસારી

વાંસદા તાલુકાના અંતરિયાળ વિસ્તારના આદિવાસી બાળકોમાં સંસ્કારનું સિંચન કરતી કેળવણીનું ઉત્તમ દ્રષ્ટાંત એટલે ગ્રામસેવા મંડળ વાંસદા. તેમના દ્વારા સંચાલિત સાંદિપની આશ્રમશાળાઉપસળ ખાતે ૪૪ માં સ્થાપના દિનની ઉજવણી નિવૃત્ત કલેક્ટર (IAS) શ્રી મગનભાઈ પટેલ ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ અવસરે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ, ભૂતપુર્વ વિદ્યાર્થીઓ તેમજ દાન આપનાર દાતાઓશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં. ઉપસળ આશ્રમશાળાની સ્થાપના ૦૧/૦૨/૧૯૮૦માં રોજ થઈ હતીજે આજે પોતાના ૪૪મા મંગલપ્રવેશ પ્રસંગે ઉપસ્થિત ગ્રામસેવા મંડળના પ્રમુખશ્રી રાકેશભાઈ ચૌધરી ઉપપ્રમુખશ્રી વિજયભાઈ માહલા મંત્રીશ્રી પ્રકાશભાઈ ગામીત તથા ટ્રસ્ટીઓ મંડળના સભ્યો તેમજ કાર્યક્રમમાં પધારેલ મુખ્ય મહેમાન લીલાબેન બટુકભાઈ પટોલીયા, અતિથિ વિશેષ શ્રી સુનિલભાઈ આર.પટેલ અધિક તિજોરી અધિકારી, દીપેશભાઈ બી.પટેલ (હરિયાળી ગૃપ ટ્રસ્ટ બીલીમોરા) બાબુભાઈ એચ.પટેલ (જાયન્ટ ગૃપ) સાથે ઉપસ્થિત સન્માનીય દાતાઓમાં ધર્મેન્દ્રભાઈ રેવાવાલા અને એમના સાથીઓ સુરત સાથે કર્મયોગી ટીમ લક્ષ્મણભાઈ મોરડિયા, મહેશખૈની, અશોકભાઈ અણધણ તેમજ જશોદા નરોત્તમ ચેરીટેબલ ટ્રસ્ટ ધરમપુરના દિગંતભાઈ મહેતા, સુનિલભાઈ ભોયા, શૈલેષભાઈ પટેલ તેમજ વાંસદા તાલુકાના પ્રકૃતિના ઉપાસક અને કુકણા સમાજ વાંસદાના બાબુકાકા ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવી સ્વાગત પ્રવચન આચાર્ય પ્રતિકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખશ્રી રાકેશભાઈએ સંસ્થા અંગે પ્રાસંગિક ઉદબોધન કર્યુ સંસ્થાના ઉપપ્રમુખ વિજય માહલા દ્વારા તમામને આવકારી સંસ્થાના મિશન વિઝન અને મૂલ્યોની જાળવણી તેમજ શિક્ષણનું અનેરું મહત્વ સારા સમાજના નિર્માણ માટે કેટલું જરૂરી છે તે ઉત્તમ દૃષ્ટાંતો દ્વારા વિશેષ ભાર આપી પ્રેરક ઉદબોધન કર્યુ હતું. સાથે આ પ્રસંગે ઉપસળ ખાતે વિદ્યાર્થી બાળકો માટે આવાસ પરિસર "તપસ્વિની હોલ "માં જેમનું અમૂલ્ય યોગદાન રહ્યું તે કર્મયોગ શાળાઓ અને મહાદેવ ગ્રુપ નવસારીકે જેઓ હાજર ના હોવા છતાં એમણે કાર્યક્રમને દીપાવવા ખૂબ મદદ કરી અને સાથે એમણે એમના આશીર્વાદ સંસ્થા અને બાળકો માટે શુભેચ્છા પત્ર દ્વારા આપ્યા જેમાં એમણે બાળકો હાલના આધુનિક ભણતરની સાથે સનાતન સત્યના સિદ્ધાંતો, જીવન જીવવાની કળા મેળવી પોતાની બૌધ્ધિક ક્ષમતા વિકસાવી પોતાના માટે, કુટુંબ માટે, સમાજ અને દેશ માટે આશીર્વાદ રૂપ બને એવા આશીર્વચન પાઠવી પોતાની લાગણી દર્શાવી તેનું વાંચન પણ કર્યુ સાથે મંડળના વરિષ્ઠ અનુપસિંહ સોલંકી તેમજ રામભાઈએ ભૂતકાળને વગોળ્યું અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓમાં પ્રાર્થના, સ્વાગત ગીત, દેશભકિત ગીત, આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું ડાંગી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાળકો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે માઉન્ટનિયર ભોવાન રાઠોડ ડાંગ ની વિશેષ ઉપસ્થિતી સૌને માટે પ્રેરણારૂપ રહી હતી. આ કાર્યક્રમમાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓ અને દાતાઓનું પુષ્પગુચ્છ અને શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મેડલ શિલ્ડ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં મંડળને તેમજ આશ્રમશાળા ને ખાસ ગૌરવ અપાવનાર બોપી આશ્રમશાળાની વિદ્યાર્થિની દક્ષાબેન મંગળભાઈ ચૌધરી એ કુગ્ફુંમાં મેળવેલ સિદ્ધિ ૮ મી વિશ્વકપ તાઈ-ચી છવાન ચેમ્પિયનશિપ તાઈવાન અને કુરેલિયા આશ્રમશાળાની ૮ માં ધોરણની વિદ્યાર્થિની રિયાંશી સંજયભાઈ જાદવ જે બાળ કવિ તરીકે રાજ્યકક્ષાએ ભાગ લઈ પોતાનું, પરિવારનું અને શાળા તેમજ મંડળનું નામરોશન કર્યું હતું. સાથે સાથે રમતગમત ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. ભૂતપુર્વ વિદ્યાર્થીઓમાં શંકરભાઈ બાબુભાઈ ગાયકવાડ અને દીપકભાઈ રમણભાઈ ગાંવિત કે જેમને ભૂતકાળના સંસ્મરણોને તાજા કરી શિક્ષણની મહત્વતાને ઉજાગર કરી. મંડળના ઉપપ્રમુખ વિજય માહલાએ હદયના અંતરમનથી તમામનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રગાન દ્વારા કરી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની ૩૪૯ જગ્યાઓ મંજૂર

૩૪૯ જગ્યાઓ પૈકી ૩૩૯ જગ્યાઓ ભરી દેવામાં આવી છે, જ્યારે બાકીની ૧૦ જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે: પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ

કમલમ્ ન્યુઝ,

વિધાનસભાસત્ર દરમિયાન સભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક ગામડા સુધી ઉત્તમ આરોગ્ય સુવિધામળી રહે તેમજ નાગરિકોને પ્રાથમિક આરોગ્ય ચકાસણી ગામમાં જ થઈ શકે તે માટે દરેક આરોગ્ય કેન્દ્ર ખાતે મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની કાયમી પોસ્ટ નિમણૂક કરવામાં આવે છે. સભ્યશ્રીના પ્રશ્ન અંગે વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, સુરેન્દ્રન ગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કરની કુલ ૩૪૯ જગ્યાઓમંજૂર કરવામઆવીછે, જે પૈકીની ૩૩૯ જગ્યાઓ ભરવામાં આવેલી છે. જ્યારે બાકીની ૧૦ જગ્યાઓ સત્વર ભર વામાં આવશે. સુરેન્દ્રન ગર જિલ્લાના ૧૦ તાલુકાઓમાં કુલ ૫૦પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. જેમાં વઢવાણ તાલુકામાં ૩૨, લખતર તાલુકામાં ૨૫, લીંબડી તાલુકામાં ૪૦, ચુડાતાલુકામાં ૨૯, સાયલા તાલુકામાં ૪૧, મુળી તાલુકામાં ૩૫, ચોટીલા તાલુકામાં ૩૪, થાનગઢ તાલુકામાં ૧૫, ધ્રાંગધ્રા તાલુકામાં ૪૮ અને પાટડી તાલુકામાં ૫૦ મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કરની જગ્યામંજૂર કરાઈછે. જે પૈકી વઢવાણ તાલુકામાં ૩૧, લખતર તાલુકામાં ૨૫, લીંબડી તાલુકામાં૪૦, ચુડાતાલુકામાં ૨૯, સાયલા તાલુકામાં ૩૮, મુળી તાલુકામાં ૩૪, ચોટીલા તાલુકામાં ૩૪, થાનગઢ તાલુકામાં ૧૫, ધ્રાંગધ્રા તાલુકામાં ૪૬ અને પાટડી તાલુકામાં ૫૦ મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કરની જગ્યામાંજૂર કરાઈછે. જે પૈકી ૩૩૯ જગ્યાઓ ભરવામાં આવેલી છે. જ્યારે બાકીની ૧૦ જગ્યાઓ સત્વર ભરવામાં આવશે. સુરેન્દ્રન ગર જિલ્લાના ૧૦ તાલુકાઓમાં કુલ ૫૦પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. જેમાં વઢવાણ તાલુકામાં ૩૨, લખતર તાલુકામાં ૨૫, લીંબડી તાલુકામાં૪૦, ચુડાતાલુકામાં ૨૯, સાયલા તાલુકામાં ૩૮, મુળી તાલુકામાં ૩૪, ચોટીલા તાલુકામાં ૩૪, થાનગઢ તાલુકામાં ૧૫, ધ્રાંગધ્રા તાલુકામાં ૪૬ અને પાટડી તાલુકામાં ૫૦ મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કરની જગ્યામાંજૂર કરાઈછે. જે

ચોટીલા આસિસ્ટન્ટ કલેકટરશ્રી કલ્પેશકુમાર શર્માના અધ્યક્ષસ્થાને નેશનલ હાઈવે-૪૭ પર દબાણ, આડેધડ પાર્કિંગ અને ટ્રાફિક જામની સમસ્યાને લઈ બેઠક યોજાઈ

આસિસ્ટન્ટ કલેકટરશ્રી કલ્પેશકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ હાઇવેની જમીન પર અતિક્રમણ કરનારાઓમાં જાગૃતિ લાવવા માટે ડ્રાઇવ હાથ ધરવામાં આવી

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગર

ચોટીલા આસિસ્ટન્ટ કલેકટરશ્રી કલ્પેશકુમાર શર્માના અધ્યક્ષસ્થાને ચોટીલા શહેરમાંથી પસારથતાં નેશનલ હાઈવે-૪૭ પર ચોટીલા શહેરીવિસ્તારમાં દબાણ, આડેધડપાર્કિંગ અને ટ્રાફિકજામની સમસ્યાને ધ્યાને લઈ એક બેઠક યોજાઈ હતી. આબેઠકમાંનેશનલ હાઈવે ઓથોરિટી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી,ગુજરાત રાજ્ય પરિવહન વિભાગ,તાલુકા પંચાયત અને પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આબેઠકમાંઆસિસ્ટન્ટ કલેક્ટરશ્રી કલ્પેશ કુમાર શર્માએ ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને વિગતવાર માર્ગદર્શન આપી વિવિધ સૂચનો કર્યા હતા. આ બેઠક બાદ આસિસ્ટન્ટ કલેક્ટરશ્રીના માર્ગદર્શન મુજબહાઇવેની જમીન પર અતિક્રમણ કરનાર દુકાનદારો, હોટેલ માલિકો અને વેપારીઓમાં જાગૃતિ લાવવા માટે એક ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત સંયુકત ટીમ દ્વારા અતિક્રમણ કરનારાઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગની હદનું સીમાંકન દર્શાવી જમીન પર દબાણદૂર કરવાવિનંતી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ચોટીલા હાઇવે ઉપર આવેલ ચામુંડા ચોકડી અને આનંદપુર ચોકડી પર ખાસધ્યાન આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૭ની જમીનો અને અન્ય સરકારીજમીનો પરથી ૦૭ દિવસમાં દબાણ દૂર કરવા માટે સંબંધિત અધિકારીઓદ્વારા દબાણ દૂર કરવામાનહીં આવે તો સંબંધિત વિભાગ દ્વારા કાયદાકીય જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરાશે

રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૭ની જમીનો અને અન્ય સરકારી જમીનો પરથી ૦૭ દિવસમાં દબાણ દૂર કરવા લેખિત નોટીસ આપવામાં આવશે

નિર્ધારિત સમય મર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે તો કાયદાકીય જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરાશે

સંબંધિત અધિકારીઓદ્વારા દબાણ કર નારાઓને ટ્રક જ સમયમાં લેખિત નોટીસ આપવામાં આવશે. નિર્ધારિત સમય મર્યાદામાં જો દબાણ દૂર કરવામાંનહીં આવે તો સંબંધિત વિભાગદ્વારા કાયદાકીય જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાંઆવશે.

ખેડા જિલ્લામાં પશુધન નિરીક્ષકની કુલ ૧૯ જગ્યાઓમાંથી ૧૫ ભરવામાં આવી છે:પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ

કમલમ્ ન્યુઝ,

પંચાયતરાજ્યમંત્રી શ્રી બચુભાઈખાબડે જણાવ્યું છે કે, જિલ્લાઓમાં પશુ આરોગ્ય કેન્દ્ર દ્વારા મૂંગા પશુઓની કાળજી લેવામાંઆવી રહી છે. ખેડા જિલ્લામાં પશુ આરોગ્ય કેન્દ્રમાં પશુધન નિરીક્ષકની ખાલી જગ્યાઓના પ્રશ્ન ના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે જિલ્લામાંકુલ ૧૯જગ્યાઓછે જેમાંથી ૧૫ ભરાયેલી છે મંત્રીશ્રીએ જણાવ્યું કે આ પશુ આરોગ્ય કેન્દ્ર દ્વારા જિલ્લાના ૨૯૦ ગામોને આવરી લઈ મૂંગા પશુઓની કાળજી લેવામાં આવે છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે આ આરોગ્ય કેન્દ્ર દ્વારા પશુઓના રસીકરણ ચેપી રોગનું નિદાન દવા છંટકાવતેમજ વિવિધ રોગોનાં સ્થળ પર જઈ નિદાન કરી સારવાર પણ કરવામાંઆવે છે.

રાજ્યમા P.H.C.અને C.H.C.માટે ૧૦,૦૦૦ ચો.મી.ની જમીન ફાળવવામાં આવે છે:મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત

આરોગ્ય સુખાકારી માટે સરકાર કટિબદ્ધ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં છેવાડાના નાગરિક સુધી આરોગ્ય સુવિધા પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આરોગ્ય સુખાકારીમાં વધારો થાય અને તમામને નજીકના સ્થળે સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા સબ સેન્ટર માટે ૫૦૦ ચો.મીટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર **P.H.C.** માટે ૧૦,૦૦૦ ચો. મીટર તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર **C.H.C.** માટે ૧૦,૦૦૦ ચો.મીટર જમીન ફાળવવામાં આવે છે, તેમ વિધાનસભા ગૃહમાં મહેસૂલનો હવાલો ધરાવતા મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત વિધાસભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા જણાવ્યુંહતું. પેટા

પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ વધુમાંકહ્યું હતુંકે, છેલ્લાબે વર્ષમાં **P.H.C.**, **C.H.C.** અનેસબ સેન્ટર માટે કુલ ૨૪ અરજીઓ આવી છે. રાજ્યમાં આ પ્રકારના આરોગ્ય કેન્દ્રો બનવા માટે ફાળવવામાં આવતી જમીનની પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવામાં આવી છે જેથી વધુ સારી- સમયસર આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય તેમ, પણ તેમણેઉમેર્યું હતું.

સમગ્રઆણંદમાટેઆજનોદિવસ ઐતિહાસિક દિવસછે :સાંસદશ્રી મિતેષભાઈપટેલ

કમલમ્ ન્યુઝ,

આજે ગુજરાત રાજ્યનાં બજેટમાં આપણાં રાજ્ય નાં નાણામંત્રીશ્રી કનુભાઈદેસાઈ દ્વારા આણંદ નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજ્જો આપવાની ઘોષણા કરાઈ છે. આણંદને મહાનુગર પાલિકાનો દરજ્જો મળે એ અંગે અનેકવખત રજૂઆતો કરી હતી, આણંદને મહાનગર પાલિકાનો દરજ્જો આપવા બદલ માનનીય પ્રધાનમંત્રી શ્રી @narendramodi સાહેબ, માનનીય મુખ્યમંત્રી શ્રી @Bhupendrapbjp જીઅને રાજ્ય નાણાં મંત્રી શ્રી @KanuDesai180 જીનો આભાર માનું છું. આણંદ વિકાસના રસ્તે પુરપાટઝડપે આગળવધી રહ્યું છે, શ્વેત નગરી તરીકે ઓળખાતું આણંદને મહાનગર પાલિકાનો દરજ્જો મળતા હવે આણંદનો

વિકાસ વધુ વેગવંતો બનશે અને ભારતનાં નકશા પર શ્વેત નગરી આણંદનું નામ વધુ મજબૂત બની શકશે. આણંદ ને મહાનગર પાલિકાનો દરજ્જો મળવાથી નાગરિકોની સુવિધાઓ અને સુખાકારીમાં ઉમેરો થશે. નાગરિકોની સેવાવિવિધક્ષેત્રે અને ટેક્નિકલીવધુમજબૂતબની શકશે. હું સમગ્ર આણંદનાં નગરજનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માહિતીઅને પ્રસારણવિભાગ ડબલ એન્જિન સરકારની પ્રચાર પ્રસારની તમામ કામગીરી સુપેરે નાગરિકો સુધી પહોંચાડી ગુજરાતનું ગૌરવ વધારી રહ્યોછે: મંત્રીશ્રી રાઘવજી પટેલ

કમલમ્ ન્યુઝ,

મંત્રી શ્રી રાઘવજી પટેલે માહિતી અને પ્રસારણ વિભાગની કામગીરી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, માહિતી અને પ્રસારણ વિભાગ ડબલ એન્જિન સરકારની પ્રચાર પ્રસારની તમામ કામગીરી સુપેરે નાગરિકો સુધી પહોંચાડી ગુજરાતનું ગૌરવ વધારી રહ્યો છે. માહિતીવિભાગની ફિલ્મ શાખા દ્વારા ઈન હાઉસ તૈયાર કરવામાં આવતી ટીવી શ્રેણી વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના વિકાસ કામો, નિર્ણયો, કાર્યક્રમો અને સિદ્ધિઓ નાગરિકો સુધી પહોંચાડવા માટે દર રવિવારે "યશગાથા ગુજરાત"ની તેમજ દર શનિવારે ૨ મિનિટની "ગુજરાત ગાથા" તથા વિધાનસભા સત્ર દરમિયાન દરરોજ લોકશાહીના પબકારાટીવી શ્રેણીનું વિવિધ ટીવી ચેનલોપર પ્રસારણ કરવામાં આવે છે. માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જાહેરાત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે તે સંદર્ભે જવાબ આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ. ૧૦૮ કરોડનો તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ. ૨૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુદ્રિત પ્રકાશનો પ્રચાર પ્રસરનું ખૂબ જ અસરકારક માધ્યમછે. રાજ્ય સરકાર ની સિદ્ધિઓની માહિતી લોકો સુધી સરળતાથી પહોંચેતે માટે માહિતી ખાતાની પ્રકાશન શાખા દ્વારા "ગુજરાત" પાક્ષિક, ગુજરાત બહારના નાગરિકો માટે અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થતું "ધ ગુજરાત" ત્રિમાસિક બહાર પાડવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાતના યુવક અને યુવતીઓ માટે રોજગાર સમાચાર અને "કારકિર્દી માર્ગદર્શક" વિશેષાંક પ્રકાશિત કરવામાંઆવે છે.દર વર્ષે ગુજરાત ડીપોલ્સવી અંક સહિતના વિવિધ માહિતી સભર પ્રકાશનો તૈયારકરી લોકોસુધી પહોંચાડવાની મહત્વપૂર્ણ કામગીરીમાહિતી અને પ્રસારણ વિભાગકરે છે.

આંદામાન અને નિકોબારના લેફ્ટનન્ટ ગવનરિ પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી

કમલમ્ ન્યુઝ,

આંદામાન અને નિકોબારનાલેફ્ટનન્ટ ગવર્નર, એડમિરલ (નિવૃત્ત) ડી કે જોશીએ આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રીકાર્યાલય X પર પોસ્ટ કર્યું: "આંદામાનઅને નિકોબાર દ્વીપસમૂહના લેફ્ટનન્ટ ગવર્નર એડમિરલ (નિવૃત્ત) ડીકે જોશીએ પીએમ નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી."

કર્ણાટકના રાજ્યપાલ પીએમને મળ્યા

કમલમ્ ન્યુઝ,

કર્ણાટકના રાજ્યપાલશ્રી થાવરચંદ ગેહલોતે આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી કાર્યાલયે X પર પોસ્ટ કર્યું: "કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી."

રાજ્યમાં ગામતળની જમીનો નીમ કરવાની પ્રક્રિયા વધુ પારદર્શક બનાવાઈ : મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

ખેડા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૧-૯૯-૪૪ હેક્ટર જેટલી જમીનને નીમ કરવાની મંજૂરી અપાઈ

કમલમ્ ન્યુઝ,

ખેડા જિલ્લામાં ગામતળની જમીનો નીમ કરવાંગેના પ્રશ્નના પ્રત્યુત્તર આપતાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતેજણાવ્યું હતું કે ખેડા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમા ગામતળ નીમ કરવાની કુલ ત્રણ દરખાસ્તોમંજૂર કરવામાંઆવીછે. જેમાં કુલ ૧૧-૯૯-૪૪ હે.ક્ટર જે ટલી જમીનને નીમ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ અંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા ગામતળની જમીનોનીમ કરવાનીપ્રક્રિયાને વધુ પારદર્શકબનાવવામાં આવીછે. જે અંતર્ગત કોઈ પણ રાહત પ્લોટની

ગૌચર માટે માગણીકરવામાંઆવે, તો ત્વરિત પ્રક્રિયા હાથ ધરીને ૩૦ ટકા ક્ષેત્રફળને જમીન ટ્રાન્સફર કરી આપવામાં આવેછે. આમાટે બોર્ડમે જ મીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ હેઠળ જિલ્લા કલેક્ટરશ્રીઓને આમાટેની સત્તા આપવામાં આવી છે. આ ઉપરાંત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા ગામતળવધારવાની દરખાસ્ત કરવામાં આવે, ત્યારે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ચકાસણી કરીને જમીનો નીમ કરી પંચાયતોને આપવામાંઆવેછે.જ્યારે ગૌચરની જમીનો નીમ કરવાના કિસ્સામાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી આવશ્યક હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રી ૩જી ફેબ્રુઆરીએ CLEA-કોમનવેલ્થ એટર્ની અને સોલિસિટર જનરલ કોન્ફરન્સ ૨૦૨૪નું ઉદ્ઘાટન કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યે વિજ્ઞાન ભવન ખાતે કોમનવેલ્થ લીગલ એજ્યુકેશન એસોસિએશન (**CLEA**) - કોમનવેલ્થ એટર્ની અને સોલિસીટર્સજનરલ કોન્ફરન્સ (**CASGC**) ૨૦૨૪નુંઉદ્ઘાટન કરશે.પ્રધાનમંત્રી આપ્રસંગે સભાને પણ સંબોધન કરશે. કોન્ફરન્સની થીમ છે. "જસ્ટિસ ડિલિવરીમાં ક્રોસ-બોર્ડર ચેલેન્જીસ". આ કોન્ફરન્સ કાયદા અને ન્યાયને લગતા મહત્વના મુદ્દાઓ જેમ કે ન્યાયિક સંકલ્પણ અને કાનૂની પ્રેક્ટિસના નૈતિક પરિમાણોપર ચર્ચા કરશે; વહીવટીજવાબદારી; અને આધુનિક સમયના કાયદાકીય શિક્ષણની પુનઃવિચારણા કરવી. આ કોન્ફરન્સમાંવિવિધ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળોની સાથે એશિયા-પેસિફિક, આફ્રિકા અને કેરેબિયન મમાં કેલાયેલા કોમનવેલ્થ રાષ્ટ્રોના એટર્ની જનરલો અને

સોલિસિટર્સની ભાગીદારી હશે. કોમનવેલ્થ કાનૂની બંધુત્વમાં વિવિધ હિસ્સેદારો વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા માટે એકમંચ ઓફર કરીને કોન્ફરન્સ એક અનન્ય પ્લેટફોર્મનરીકે સેવા આપેછે. તેમાં એટર્ની અને સોલિસીટર્સ જનરલ માટે તૈયાર કરાયેલ એક વિશિષ્ટ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનો પણ સમાવેશ થશે છે, જેનુંલક્ષ્ય કાનૂની શિક્ષણ અને આંતરરાષ્ટ્રીય ન્યાય વિતરણમાં પડકારોનો સામનો કરવા માટે એક વ્યાપક રોડમેપ વિકસાવવાનો છે.

હરિયાણાના મુખ્યમંત્રીએ પીએમ સાથે મુલાકાત કરી

કમલમ્ ન્યુઝ,

હરિયાણાના મુખ્યમંત્રીશ્રી મનોહર લાલ ખટ્ટરેઆજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી કાર્યાલયે X પર પોસ્ટ કર્યું: "હરિયાણાના મુખ્ય પ્રધાન, શ્રી મનોહર લાલ ખટ્ટર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા."

ગુજરાતના યુવાનોને ભણતર સાથે રમતગમત માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ સંકુલ ઉપલબ્ધ કરાવાય છે : રમત-ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવી

આંતરરાષ્ટ્રીય સ્તરના સિન્થે.ટિક એથલેટિક ટ્રેક સહિતની શ્રેષ્ઠ માળખાકીય સુવિધાસભર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું ગુજરાત મોડલ અન્ય રાજ્યોમાં પણ અપનાવાઇ રહ્યું છે



કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકાર દ્વારા રમત-ગમત ક્ષેત્રે કરવામાં આવતી કામગીરી તથા સ્પોર્ટ્સ યુનિવર્સિટીને સરકાર દ્વારા આપવામાં આવેલા અનુદાન અંગે વિધાન સભા ગૃહમાં પુછ વામાં આવેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા રમત-ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાતના યુવાનોને ભણતર સાથે રમતગમત માટે પણ આંતરરાષ્ટ્રીય કક્ષાના સુવિધાસભર મેદાનો સાથેના સ્પોર્ટ્સ સંકુલ ઉપલબ્ધ કરાવાઈ રહ્યા છે. એટલું જ નહિ, આંતરરાષ્ટ્રીય સ્તરનો સિન્થેટિક એથલેટિક ટ્રેક સહિતની શ્રેષ્ઠ માળખાકીય સુવિધાસભર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું મોડલ અન્ય રાજ્યોમાં પણ અપનાવવામાંઆવી રહ્યું છે. જે આપણા સૌમાટે ગર્વની વાત છે. મંત્રીશ્રીએ વધુમાંઉમેર્યું કે, ભણતર સાથે રમત-ગમતમાં ગુજરાતના યુવાનો શ્રેષ્ઠ પરફોર્મન્સ આપી શકે તે માટે તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ખેલ મહાકુંભનો પ્રારંભ કર્યો હતો. રાજ્યના ખેલપ્રેમીયુવાઓને શ્રેષ્ઠ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સ્પોર્ટ્સક્ષેત્રેહાયર ટ્રેનિંગ ઉપલબ્ધ કરાવવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ વર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષમા રૂ. ૩,૪૦૭ લાખનું સ્પોર્ટ્સ યુનિવર્સિટીને નાણાકીય અનુદાન રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. જેમા આંતરરાષ્ટ્રીય સ્તરના સિન્થેટિક એથલેટિક ટ્રેક, અત્યાધુનિક ફ્લડિંગ પુલ મલ્ટીપર્પઝ હોલ, મેદાનો, સ્પોર્ટ્સ લર્નિંગ માટે સ્માર્ટ ક્લાસરૂમ, ઈ-લાઇબ્રેરી સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈછે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028